| | |
|---|---|
| રજુ તારીખ | ૨૫/૧૧/૨૦૦૮ |
| દાખલ તારીખ | ૨૫/૧૧/૨૦૦૮ |
| ફૈંસલ તારીખ | ૨૯/૦૯/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ :૧૩ માસ:૧૦ દિવસ: ૦૪ |

**મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી કે.જી.પટેલ સમક્ષ.**

**રેફરન્સ (એલ.સી.એમ.)નં.૯૯૭/૨૦૦૮**
**આંક–૨૪**

**પ્રથમ પક્ષકાર** – (૧) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,
મુ.ઉંઝા, જી.મહેસાણા.
(૨) જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટર,
કામરાજનો માઢ, પરામાં, મહેસાણા.

**// વિરૂધ્ધ //**

**બીજા પક્ષકાર**– ઠાકોર અમરતજી ઉદાજી,
મોટો ઠાકોરવાસ, બ્રાહમણવાડા, તા.ઉંઝા, જી.મહેસાણા.

**વિષય :– આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે.**

હાજર રહયા –

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે – શ્રી એસ.જે.ત્રિવેદી, એડવોકેટ.
પ્રથમ પક્ષકાર નં.ર તરફે – શ્રી એમ.જે.દેસાઈ, એડવોકેટ.
બીજા પક્ષકાર તરફે – શ્રી એમ.એચ.ઠાકર, પ્રતિનિધિ.

**–:: એ વો ર્ડ ::–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી મહેસાણાએ તેમના તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ હુકમ નં.કે.એચ/એસ.એચ.એમ.સી./એજે./કે.જે. આઈ.ડી.આર./૧૫૧/૦૮ થી અત્રેની શ્રમ અદાલત મહેસાણાને ન્યાય નિર્ણય કરવા અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**–:: અનુસૂચિ ::–**

શ્રી ઠાકોર અમરતજી ઉદાજીને પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં મુળ

જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) સદર રેફરન્સ અત્રેની અદાલતમાં સુપ્રત થતાં આ કામમાં આંક–૨ થી પક્ષકારોને સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલી જે પ્રથમ પક્ષકાર નં.૧ અને બીજા પક્ષકારને બજી ગયેલ હોવાનું જણાય છે. જયારે પ્રથમ પક્ષકાર નં.ર ને કાઢવામાં આવેલ નોટીસ પ્રથમ પક્ષકાર ન.ર ને નહી બજતા બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર નં.ર ને નોટીસ ચોડી બજાવવા અરજી આપતા આંક–૧૧ વાળી નોટીસ પ્રથમ પક્ષકાર નં.ર ને ચોડી બજાવી બજવણી કરવામાં આવેલ હોવાનું જણાય છે.

**<u>બીજા પક્ષકારનું માંગણાનું નિવેદન</u>** –

(૩) બીજા પક્ષકારે આ કામમાં આંક–૭ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ માં ૨૦ વર્ષથી કામદાર તરીકે નોકરી કરતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં માર્કેટયાર્ડની સાફસફાઈ કરવાની, ચોકી કરવાની તેમજ પરબ ઉપરની કામગીરીઓ પુરી વફાદારી અને ખંતપુર્વક કરતા હતા. બીજા પક્ષકારને માસીક રૂા.૨૬૦૦/– પગાર ચુકવવામાં આવતો હતો. બીજા પક્ષકાર કાયમી પ્રકારની કામગીરીઓ કરતાં કાયમી કામદાર હતા. તેમનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને ડાઘરહીતનો છે. પ્રથમ પક્ષકાર નં.૧ કે જે એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ એકટ અન્વયે રચાયેલી અને જીરૂ, વરીયારી, રાયડો, અનાજ, કઠોળ વગેરેના વેપાર ઉપર નિયંત્રણ કરતી સંસ્થા છે. તેમજ બીજા પક્ષકારને કામે રાખનાર તથા ઔધોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ અન્વયે તેમના કાયદેસરના લેણાં લાભો અને હકકો ચુકવી આપવા જવાબદાર સંસ્થા યાને માલીક છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ માં પડેલા દિવસોના પગાર અને મળવાપાત્ર આનુષાંગિક લાભો સહીત સળંગ નોકરીએ મુળ જગ્યા ઉપર પુન:સ્થાપિત કરવા મે.શ્રી મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષ તા.૨૫/૮/૦૮ ના રોજ ફરીયાદ દાખલ કરેલ હતી જેના અનુસંધાનમાં પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧નાએ બીજા પક્ષકાર કામદાર જે.પી.પટેલ કોન્ટ્રાકટરના કામદાર હોવાનું જણાવેલ જે હકીકત સાચી અને ખરી નથી અને બીજા પક્ષકારે કબુલ મંજુર નથી. તેમ છતાં કોઈ ટેકનીકલ કારણોસર તેઓના હકક અને હીતોને નુકસાન ન થાય તે માટે તથા તેઓના કેસની સત્યતા પુરવાર કરવા માટે તેઓએ જે.પી.પટેલ કોન્ટ્રાકટરને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.ર તરીકે સદર વિવાદમાં દાખલ કરવા અરજી આપેલ હતી અને ત્યારબાદ મે.શ્રી મદદનીશ શ્રમ આયુકત, મહેસાણાએ શ્રી જે.પી.પટેલ કોન્ટ્રાકટરને પ્રથમ પક્ષકાર નં.ર તરીકે દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ ના સેક્રેટરીશ્રી

વિષ્ણુભાઈ પટેલે બીજા પક્ષકાર તથા અન્ય પાંચ કામદારોને તા.૫/૬/૦૮ ના રોજથી કોઈ પણ પ્રકારના યોગ્ય અને વ્યાજબી કારણ સિવાય તેમજ કાયદાની યોગ્ય પ્રક્રિયા કર્યા સિવાય એકાએક મૌખિક હુકમ ધ્વારા નોકરીમાંથી છુટા કરી દીધા છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૦ વર્ષ સુધી સળંગ અને અવિરત નોકરી કરેલ છે. નોકરીના પ્રત્યેક વર્ષમાં તેઓની હાજરીના દિવસો ૨૪૦ કરતા વધુ છે. તેમ છતાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા અગાઉ પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૨૫(એફ) મુજબ કોઈ નોટીસ કે નોટીસ પગાર તેમજ નોકરીના વર્ષો મુજબ મળવાપાત્ર કાયદેસર વળતરની કોઈ રકમ ચુકવેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૧નાએ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતી વખતે સિનીયોરીટીનો સિધ્ધાંત જાળવ્યો નથી અને તેઓના પછીથી નોકરીમાં દાખલ થયેલ જુનીયર કામદારોને કામ ઉપર ચાલુ રાખી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે અને એ રીતે પ્રથમ પક્ષકાર નં.૧ નાએ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૨૫(જી)નો છડેચોક ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧નાએ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૨૫ (એચ) નો છડેચોક ભંગ કરી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓની મુળ જગ્યા ઉપર નવા કામદારની ભરતી કરેલ છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા અગાઉ કોઈ શો કોઝ નોટીસ કે આક્ષેપ પત્ર આપવામાં આવેલ નથી તેમજ બીજા પક્ષકારને રજુઆત કરવાની યોગ્ય અને વ્યાજબી તક આપવામાં આવેલ નથી તેમજ બીજા પક્ષકાર વિરૂધ્ધ કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. આમ પ્રથમ પક્ષકારે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો છડેચોક ભંગ કરી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર નં.૧ ના સેક્રેટરી, ચેરમેનશ્રી, તેમજ સમિતીના અન્ય સભ્યોને અનેકવાર રૂબરૂ મળી બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું પાછુ ખેંચી લેવા અને કામ ઉપર રાખી લેવા માટે વિનંતીઓ કરી હતી તેમ છતાં તેઓને કામ ઉપર રાખવામાં આવેલ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓએ અન્ય ઘણી જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કરેલ છે અને હાલ પણ પ્રયત્નો ચાલુ છે. પરંતુ વર્તમાન અસહય બેકારીમાં તેઓને કયાંય નોકરી કે કામ મળેલ નથી અને તેઓ તેમના અન્ય કુટુંબીજનો ઉપર બોજારૂપ બન્યા છે. બીજા પક્ષકારને તા.૫/૬/૦૮ના રોજથી નોકરીમાંથી મૌખિક હુકમ ધ્વારા છુટા કરી દેવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાના સેક્રેટરીનું કૃત્ય અન્યાયી, ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનું ઠરાવવા તથા પ્રથમ પક્ષકાર નં.૨ અને બીજા પક્ષકાર વચ્ચે માલીક અને મજુર

તરીકેના કોઈ જ સંબંધ ન હોવાનું ઠરાવવા તથા પ્રથમ પક્ષકાર નં.૧ બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરા પગાર અને અનુષંગિક લાભો સહીત સળંગ નોકરીએ તેમની મુળ જગ્યા ઉપર નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ બીજા પક્ષકારને રેફરન્સ ખર્ચના રૂા.૩૫૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા તથા આ રેફરન્સ કેસ અન્વયે બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી ન્યાયીક દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

**પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ :–**

(૪) બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામમાં આંક–૮ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ માંગણાના નિવેદનની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને સત્ય હકીકતમાં જણાવેલ છે કે, આ કામના બીજા પક્ષકાર તેઓએ સીધી ભરતીથી કયારેય કામે રાખેલા નથી. પ્રથમ પક્ષકાર નં.૧ અને બીજા પક્ષકાર વચ્ચે કયારેય નોકર– માલીકનો સંબંધ ઉપસ્થિત થયો નથી. વધુમાં પ્રથમ પક્ષકાર નં.૧ ની કેટલીક કામગીરી કોન્ટ્રાકટ પધ્ધતીથી ચાલે છે. આ કામના બીજા પક્ષકાર કોન્ટ્રાકટ પધ્ધતીથી ચાલતી કામગીરી કે જે આ કામના પ્રથમ પક્ષકાર નં.ર હસ્તક છે. તેઓના તાબા હેઠળ બજાવતા હોઈ સદર રેફરન્સ પ્રથમ પક્ષકાર નં.૧ સામે રદ થવાને પાત્ર છે. ઉપરોકત વિગતો ઘ્યાનમાં લેતાં માંગણાના નીવેદનના પેરા–૧૦ માં માંગ્યા મુજબની દાદ માંગવા કે મેળવવા બીજા પક્ષકાર હકકદાર ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર નં.ર ને નોટીસ ચોડી બજાવી બજવણી કરેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર નં.ર કે તેઓ તરફે કોઈ હાજર નહી રહેતા બીજા પક્ષકાર તરફે આંક–૧ર થી પ્રથમ પક્ષકાર નં.ર નો લેખિત જવાબ રજુ કરવાનો હકક બંધ કરવા અરજી આપતા જે અરજી લગત મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ હુકમ કરી પ્રથમ પક્ષકાર નં.ર નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે રેકર્ડ જોતાં આંક–૬ થી પ્રથમ પક્ષકાર નં.ર તરફે વકીલાતનામું રજુ થયેલ હોવાનું જણાય છે.

(૬) આ કામે બીજા પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**બીજા પક્ષકાર તરફે રજુ મૌખિક પુરાવો :–**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | બીજા પક્ષકાર ઠાકોર અમરતજી ઉદાજીનું સરતપાસનું સોગંદનામું. | ૧૩ |

આ કામે બીજા પક્ષકાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**(૭)** બીજા પક્ષકાર તરફે આંક–૧૪ તથા ૧૯ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે.

**(૮)** પ્રથમ પક્ષકાર નં.૧ તરફે નીચે મુજબના મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**પ્રથમ પક્ષકાર નં.૧ તરફે રજુ મૌખિક પુરાવો :–**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર તરફે સાક્ષીશ્રી વિષ્ણુભાઈ મણીલાલ પટેલનું જુબાનીનું સોગંદનામું. | ૧૫ |

આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**(૯)** પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૨૦ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે.

**(૧૦)** આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ તરફે કોઈ હાજર રહેતુ ન હોઈ બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર નં.૨ નો પુરાવાનો હકક બંધ કરવા અરજી આપતા પ્રથમ પક્ષકાર નં.૨ નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૧)** બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિ એમ.એચ.ઠાકરનાઓએ તેઓના માંગણાના નિવેદન મુજબની દલીલો કરેલ છે જે ધ્યાને લીધેલ છે.

**(૧૨)** આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વિ.વકીલશ્રી એસ.જે.ત્રિવેદીનાઓએ આંક–૨૨ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ છે.

**(૧૩)** આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ તરફે કોઈ હાજર રહેતુ ન હોઈ બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર નં.૨ નો દલીલનો હકક બંધ કરવા અરજી આપતા પ્રથમ પક્ષકાર નં.૨ નો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૪)** ઉપરોકત ઔદ્યોગિક વિવાદના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

| | |
|---|---|
| ૧. | શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટાં કરેલા છે? |
| ૨. | શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પડેલા દિવસોના પુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા ની દાદ કે અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર છે? |
| ૩. | શું હુકમ? |

**(૧૫)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | અંશત:હકારમાં. આ કામના પ્રથમ પક્ષકાર નં.ર જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટર ધ્વારા બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. |
| ૨. | અંશત: હકારમાં. આ કામના બીજા પક્ષકાર નિવૃત્તિ વયમર્યાદા વટાવી ચુકેલ હોઈ પુનસ્થાપિત કરવાને બદલે પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર રૂા.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સીત્તેર હજાર પુરા) પ્રથમ પક્ષકાર નં.ર જે.પી. પટેલ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવવા હકકદાર બને છે. |
| ૩. | આખરી હુકમ મુજબ. |

## // કારણો //

**(૧૬) <u>મુદ્દા નં.૧ અને ર ની સંયુકત ચર્ચા:-</u>**

આ કામે મુદ્દા નં.૧ અને ર ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલ હોઈ બિનજરૂરી પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી બંને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

આ કામે બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હકકદાર છે તે પુરવાર કરવા માટે સૌ પ્ર થમ તેઓએ કામદાર હોવાનું તેમજ તેઓ અને પ્રથમ પક્ષકારો પૈકી કયા પ્રથમ પક્ષકારના કામદાર છે તેવું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું તેમજ ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ કામે બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ માં ૨૦ વર્ષથી કામદાર તરીકે નોકરી કરતા હતા, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં માર્કેટયાર્ડની સાફસફાઈ કરવાની, ચોકી કરવાની તેમજ પરબ ઉપરની કામગીરીઓ પુરી વફાદારી અને ખંત પુર્વક કરતા હતા, તેઓ બીજા પક્ષકારને માસીક રૂા.૨૬૦૦/- પગાર ચુકવવામાં આવતો હતો, તેઓ કાયમી પ્રકારની કામગીરીઓ કરતાં કાયમી કામદાર હતા. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ કે જે એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ એકટ અન્વયે રચાયેલી અને જીરૂ, વરીયાળી, રાયડો, અનાજ, કઠોળ વગેરેના વેપાર ઉપર નિયંત્રણ કરતી સંસ્થા છે, તેમજ તેઓ બીજા પક્ષકારને કામે રાખનાર તથા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ અન્વયે તેઓના કાયદેસરના લેણાં, લાભો અને હકકો ચુકવી આપવા જવાબદાર સંસ્થા યાને માલીક છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ માં પડેલા દિવસોના પગાર અને મળવાપાત્ર આનુસાંગિક લાભો સહીત સળંગ નોકરીએ મુળ જગ્યા ઉપર પુન:સ્થાપિત કરવા મે.શ્રી મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષ તા.૨૫/૮/૦૮ ના રોજ ફરીયાદ દાખલ કરેલ હતી જેના અનુસંધાનમાં પ્રથમ પક્ષકાર નં.૧ નાએ તેઓ બીજા પક્ષકાર કામદાર જે.પી.પટેલ

કોન્ટ્રાકટરના કામદાર હોવાનું જણાવેલ જે હકીકત સાચી અને ખરી નથી અને તે બીજા પક્ષકારને કબુલ મંજુર નથી. તેમ છતાં કોઈ ટેકનીકલ કારણોસર તેઓના હકક અને હીતોને નુકસાન ન થાય તે માટે તથા તેઓના કેસની સત્યતા પુરવાર કરવા માટે તેઓએ જે.પી.પટેલ કોન્ટ્રાકટરને પ્રથમ પક્ષકાર નં.૨ તરીકે સદર વિવાદમાં દાખલ કરવા અરજી આપેલ હતી અને ત્યારબાદ મે.મદદનીશ શ્રમ આયુકત મહેસાણાને શ્રી જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટરને પ્રથમ પક્ષકાર નં.૨ તરીકે દાખલ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ ના સેક્રેટરીશ્રી વિષ્ણુભાઈ પટેલે તેઓ બીજા પક્ષકાર તથા અન્ય પાંચ કામદારોને તા.પ/૬/૦૮ ના રોજથી કોઈપણ પ્રકારના યોગ્ય અને વ્યાજબી કારણ સિવાય તેમજ કાયદાની યોગ્ય પ્રક્રીયા કર્યા સિવાય એકાએક મૌખિક હુકમ ઘ્વારા નોકરીમાંથી છુટા કરી દીધા છે.

જયારે આ કામે પ્રથમ પક્ષકાર નં.૨નાઓએ તેઓના લેખિત જવાબમાં આ કામના બીજા પક્ષકારને તેઓએ કયારેય નોકરીમાં સીધા ભરતીથી રાખેલા નથી, નોકર–માલીકનો સંબંધ નથી, આ સંજોગોમાં જયારે નોકર–માલીકનો સંબંધ અસ્તિત્વમાં ન હોય તેવા સંજોગોમાં આ કે આવા પ્રકારની અરજી કરી શકતા નથી અને તે રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓની સંસ્થામાં કેટલીક કામગીરી કોન્ટ્રાકટ પઘ્ધતિથી ચાલે છે, પ્રથમ પક્ષકાર નં.૧ એ કોન્ટ્રાકટ લેબર એન્ડ રેગ્યુલેશન એકટ અન્વયે નોંધણી કરાવેલ છે, આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ લેબર એન્ડ રેગ્યુલેશન એકટ અન્વયે લાયસન્સ મેળવેલ છે અને આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ ના કોન્ટ્રાકટમાં કામ કરતા હોઈ તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ સામે આ કારણોસર અરજી ચાલવા પાત્ર રહેતી નથી અને રદ થવાને પાત્ર છે. જયારે આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ નાઓએ હાજર થઈ કોઈ જવાબ રજુ કરેલ નથી.

ઉપરોકત બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧ ના પક્ષ નિવેદન જોવામાં આવે તો બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર તરીકે માર્કેટયાર્ડની સાફસફાઈ કરવાની, ચોકી કરવાની તેમજ પરબ ઉપરની કામગીરીઓ કરતા હતા તે બાબતે કોઈ વિવાદ નથી ત્યારે બીજા પક્ષકારની તે કામગીરી ઘ્યાને લેતાં તેઓનો સમાવેશ આઈ.ડી.એકટની કલમ–૨(એસ) માં કરવામાં આવેલ ''કામદાર''ની વ્યાખ્યામાં થાય છે. વધુમાં કલમ–૨(એસ)કામદારની વ્યાખ્યાની જોગવાઈ જોવામાં આવે તો તેમાં કામદારોનું વર્ગીકરણ કાયમી, હંગામી, રોજમદાર કે કોન્ટ્રાકચ્યુલ તરીકે કરવામાં આવેલ નથી, પરંતુ વ્યકિત કયા પ્રકારનું કામ કરે છે તે આધારે તેનો તે વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે નહી તે જોવાનું રહે છે. આમ બીજા પક્ષકાર કામદાર

તરીકે પ્રથમ પક્ષકાર સંસ્થામાં માર્કેટયાર્ડની સાફસફાઈ કરવાની, ચોકી કરવાની તેમજ પરબ ઉપરની કામગીરીઓ કરતા હતા તે બિનકસબી પ્રકારની હોઈ જેથી તે કામગીરીનો સમાવેશ આઈ.ડી. એકટની કલમ–ર(એસ) કામદારની વ્યાખ્યામાં થાય છે જેથી બીજા પક્ષકાર કામદાર હોવાનું પુરવાર થાય છે.

**(૧૭)** હવે, હાલના કેસમાં સૌથી મહત્વની તકરાર એટલે કે બીજા પક્ષકાર અને બંને પ્રથમ પક્ષકારો પૈકી કયા પ્રથમ પક્ષકાર વચ્ચે નોકર–માલીકનો સંબંધ રહેલો છે તેની ચર્ચા કરવાની થાય છે. આ તબકકે નામદાર હીમાચલપ્રદેશ હાઈકોર્ટ સમક્ષનો 2019 LLR 1109, Rakesh Sharma Vs. Indian Oil Corporation & Another નો ચુકાદો ઘ્યાને લેતાં જે ચુકાદામાં નોકર–માલીકના સંબંધોની હકીકત પુરવાર કરવાની પ્રાથમીક જવાબદારી કામદાર ઉપર હોવાનું જણાવેલ છે. તે સંદર્ભે કામદારે વિશ્વસનીય પુરાવો રજુ કરવો પડે અને માત્ર મૌખિક કથન ચાલી શકે નહી તેવું ઠરાવેલ છે.

તેમજ નામદાર બોમ્બે હાઈકોર્ટ સમક્ષનો 2015 LLR 137, Piaggio Vehicles Privet Ltd Vs. Jagannath Vithal Jagtap નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, નોકર–માલીકના સંબંધો પુરવાર કરવા માટેના મુખ્ય તત્વો નિમણુંક પત્ર, હાજરી અને પગાર અંગેનું રેકર્ડ, રજાનું રેકર્ડ, માલીક ઘ્વારા આપવામાં આવેલ આઈ.કાર્ડ, પગાર સ્લીપ તથા અન્ય પત્ર વ્યવહારનો  સમાવેશ થાય છે. વધુમાં નામદાર દિલ્હી હાઈકોર્ટ સમક્ષ 2009 LLR 959, Shri Chander Sain Vs. J.B. Garments નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં એવું  ઠરાવેલ છે કે, નોકર–માલીકના સંબંધો પુરવાર કરવાની જવાબદારી કામદાર ઉપર રહેલી છે અને તે માટે સકારાત્મક પુરાવો એટલે કે નિમણુંક પત્ર, પગાર સ્લીપ અથવા કોન્ટ્રીબ્યુશન જે પગારમાંથી કરવામાં આવે છે તે પત્રો રજુ કરીને સંબંધ પુરવાર કરવો જોઈએ.વધુમાં નામદાર દિલ્હી હાઈકોર્ટ સમક્ષ 2015(3) LLJ 531 (DELHI), Asim Chowdhury Vs. Swagatam Tours and Travels (P) Ltd. નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં પણ એવું ઠરાવેલ છે કે, જો નોકર–માલીકના સંબંધ બાબતેનો વિવાદ હોય તો તે સાબિત કરવાની જવાબદારી કામદાર ઉપર રહેલી છે અને જો માલીક ઘ્વારા એવું પક્ષ નિવેદન કરેલ હોય કે કામદાર તે અન્ય વ્યકિતના કામદાર છે, પરંતુ તેવું પક્ષ નિવેદન પુરવાર કરવામાં માલીક નિષ્ફળ જાય તો તેના પક્ષ નિવેદનથી વિરૂઘ્ધની હકીકત પુરવાર થયેલ છે તેવું માની શકાય નહી. વધુમાં નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષ 2012 LLR 1249, Subodh Kumar Vs. Presiding Officer, Labour Court-II, Meerut. નો ચુકાદો

ધ્યાને લેતાં તેમાં કામદાર તે મુખ્ય માલીકના કામદાર છે કે કોન્ટ્રાકટરના કામદાર છે તે પુરવાર કરવા માટે તેને પગાર કોણ ચુકવે છે, તેના કામ ઉપર કન્ટ્રોલ અને સુપરવિઝન કોનું છે? અને તેની ઉપરનું નિયંત્રણ કોનું છે તે આધારે નકકી થાય છે.

**(૧૭/૧)** ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને રાખી હાથ પરના કેસમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ વચ્ચે ઉપસ્થિત થયેલ તકરાર ધ્યાને રાખી ચર્ચા કરવામાં આવે તો આ કામે બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ માં ૨૦ વર્ષથી કામદાર તરીકે નોકરી કરતા હોવાનું તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ બીજા પક્ષકારને કામે રાખનાર તથા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ અન્વયે તેઓના કાયદેસના લેણાં લાભો અને હકકો ચુકવી આપવા જવાબદાર સંસ્થા અને માલીક હોવાનું જણાવેલ છે. જયારે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેઓએ કયારેય નોકરીમાં સીધા ભરતીથી રાખેલ નહી હોવાનું તેમજ નોકર–માલીકનો સંબંધ નહી હોવાનું તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર ના કોન્ટ્રાકટમાં કામ કરતા હોવાનું જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારનાઓએ આંક–૧૩ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં માંગણાના નિવેદનની હકીકતો દોહરાવેલ હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી અત્રેની તેની ચર્ચા કરવામાં આવેલ નથી. આ કામે બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર નં.૧ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે, ''મે કન્સીલેશનની પ્રોસીડીંગ દરમ્યાન શ્રી જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટરને પક્ષકાર તરીકે જોડવા માટે અરજી આપી હતી તે વાત ખરી છે.શ્રી જે.પી.પટેલે કામદારોનુ લીસ્ટ રજુ કરેલ છે તેમા અનુ.નં.પ ઉપર મારૂ નામ છે. મને પ્રથમ પક્ષકાર નં.૧ માર્કેટ કમીટીએ નોકરી પર રાખેલહોય તે દર્શાવતો આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. મને પ્રથમ પક્ષકાર નં.૧ માર્કેટ કમીટીએ કામગીરી સોંપી હોય અને પગાર ચુકવેલ હોય તે દર્શાવતો આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. મને પ્રથમ પક્ષકાર નં.૧ માર્કેટ કમીટીએ નોકરીમાંથી છુટા કરેલ હોય તે દર્શાવતો આધાર પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. ''

આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે સાહેદ વિષ્ણુભાઈ મણીલાલ પટેલે જુબાનીનું સોગંદનામુ આંક–૧પ થી રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બીજા પક્ષકારની ભરતી પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા કયારેય કરવામાં આવેલ નહી હોવાનું, બીજા પક્ષકારની નોકરી ઉપર તેઓ પ્રથમ પક્ષકારનો કોઈ જ માલીક તરીકેનો અધિકાર પ્રસ્થાપિત થયેલ નહી હોવાનું, બીજા પક્ષકારને જે.પી.પટેલ કોન્ટ્રાકટર ધ્વારા કામે રાખવામાં આવેલ હોવાનું, પ્રથમ પક્ષકાર નં.૧

સંસ્થા ધ્વારા કયારેય કામે રાખવામાં આવેલ નહી હોવાનું, બીજા પક્ષકારની નોકરીની શરતો, વેતનની શરતો અને તેને આનુસાંગિક તમામ બાબતો તેમના ઈમીજીયેટ એમ્પ્લોયર એટલે કે નિમણુંક કરેલ એમ્પ્લોયર શ્રી જે.પી.પટેલ ધ્વારા સ્થાપિત અને સંચાલીત થતું તેઓનું વેતન અને અન્ય લાભો પણ જે.પી.પટેલ કોન્ટ્રાકટર ધ્વારા ચુકવવામાં આવતા હતા હોવાનું, સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર ઉપર પ્રત્યક્ષપણે કોઈ જ સુપરવાઈઝરીંગ કંટ્રોલ કયારેય પ્રસ્થાપિત થયેલ ન હતો કે પ્રથમ પક્ષકાર નં.૧ નું એ કાર્યક્ષેત્ર પણ નહોતુ, બીજા પક્ષકાર એકમાત્ર જે.પી.પટેલ કોન્ટ્રાકટર ધ્વારા નિયુકત થયેલ અને તેમના ધ્વારા સીધા કંટ્રોલ નીચે કામ કરતા કર્મચારી હતા તેમ જણાવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના સાહેદની બીજા પક્ષકાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે એ હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે, બીજા પક્ષકાર કોન્ટ્રાકટરના કામદાર ન હતા સંસ્થા ના કામદાર હતા. તેમજ ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલ–બીજા પક્ષકાર કામદારને તા.૫/૬/૨૦૦૮ ના રોજથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છે? જેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદાર અમારા કામદાર જ નથી.

**(૧૭/૨)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧ વચ્ચેની તકરાર બાબતે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે બીજા પક્ષકાર તરફથી તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના કામદાર હોવા બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ બીજા પક્ષકાર તેઓને કોના ધ્વારા અને કેવી રીતે પગાર ચુકવવામાં આવતો હતો તે અંગે પણ કોઈ કથન કરેલ નથી કે તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આ કામે બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં હાજરી કાર્ડ, ઓળખકાર્ડ આપવામાં આવતા ન હતા જેથી તેઓને આવો પુરાવો આપવામાં આવતો ન હોઈ રજુ કરી શકેલ નથી તેવી દલીલ કરેલ છે. તે અંગે જોવામાં આવે તો બીજા પક્ષકારનું એવું કથન હોય કે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તેઓને દસ્તાવેજ પુરા પાડતા ન હતા તો બીજા પક્ષકાર હાલના રેફરન્સની કાર્યવાહીમાં તેવા દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૧ પાસેથી રજુ કરાવવા અંગેની પ્રક્રીયા હાથ ધરી શકે તેમ હતા, પરંતુ બીજા પક્ષકાર તરફથી તેવો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર તેવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામે જોવામાં આવે તો બીજા પક્ષકારે છુટા કર્યા અંગેની ફરીયાદ મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષ ઉપસ્થિત કરતા પ્રથમ પક્ષકાર નં.૧નાઓએ કન્સીલેશનની કાર્યવાહી

માટે નોટીસ કરતા પ્રથમ પક્ષકાર નં.૧નાઓએ હાજર થઈ બીજા પક્ષકાર અને તેઓ વચ્ચે નોકર–માલીકનો સંબંધ નહી હોવાનું જણાવી બીજા પક્ષકાર જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટમાં કામ કરતા હોવાનું જાહેર કરતા બીજા પક્ષકાર તરફે કન્સીલેશનની કાર્યવાહીમાં જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટરને પક્ષકાર તરીકે દાખલ કરવા અરજી આપતા જે કન્સીલેશનની કાર્યવાહી દરમ્યાન જે.પી.પટેલ લેબર કોન્ટ્રાકટર નાઓએ હાજર થઈ તા.૨૭/૧૦/૨૦૦૮ ના રોજ જવાબ રજુ કરેલ અને સાથે નમુના–૬ નું ગુજરાત સરકાર મદદનીશ શ્રમ આયુકત અને લાયસન્સ અધિકારીની ઓફીસ મહેસાણા દ્વારા આપવામાં આવેલ તા.૭/૬/૨૦૦૬ ના રોજનું લાયસન્સ તેમજ તેની સાથે પરીશીષ્ટ–૫ રજુ કરી જણાવેલ કે સદર કામદારો પોતાની સ્વેચ્છાએ પોતાની ફરજ ઉપર આવતા નથી તેમજ તેઓએ બીજા પક્ષકારને બંધ કરેલા નથી અને તેઓના ચાલતા કોન્ટ્રાકટમાં કામે આવવાની ઈચ્છા એ ઈરાદો રાખતા હોય તો તેઓ તેમના કોન્ટ્રાકટમાં સમાવેશ કરી ફરજ ઉપર રાખવા તૈયાર છે. આમ પ્રથમ પક્ષકાર નં.ર જે.પી. પટેલ કોન્ટ્રાકટર દ્વારા બીજા પક્ષકાર તેઓના કામદાર હોવાનું મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષની કન્સીલેશનની કાર્યવાહી દરમ્યાન જાહેર કરેલ છે. તેમજ આ કામે કન્સીલેશન કાર્યવાહી દરમ્યાન રજુ થયેલ તા.૨૯/૫/૦૬ નું પરીશીષ્ટ–૫ ઘ્યાને લેતાં જે પરીશીષ્ટમાં આ કામના બીજા પક્ષકાર ઠાકોર અમરતજી ઉદેસીંગનું નામ અનુક્રમ નં.૫ ઉપર હોવાનું જણાય છે અને જે પરીશીષ્ટના નોકરીમાં રાખ્યાની/રોકવાની તારીખના કોલમ નં.૫ માં તા.૦૧/૦૫/૦૬ દર્શાવેલ છે.

આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા તેમજ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતાં નોકર–માલીકના સંબંધ પુરવાર કરવાની જવાબદારી કામદાર ઉપર રહેલી છે અને તે સચોટ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. હાથ પરના કેસમાં બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ના કામદાર હોવા બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેમજ નોકર–માલીકના સંબંધો પુરવાર કરવા માટે જરૂરી દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૧ પાસેથી રજુ કરાવવા અંગેની કોઈ અરજી આપેલ નથી. તેમજ મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષની કન્સીલેશનની કાર્યવાહીમાં પ્રથમ પક્ષકાર નં.ર નાઓએ બીજા પક્ષકાર તેઓના કામદાર હોવાનું સ્વીકારેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.ર વચ્ચે નોકર માલીકનો સંબંધ હોવાની હકીકત પુરવાર થાય છે. જયારે પ્રથમ પક્ષકાર નં.૧ તે મુખ્ય માલીક હોવાનું પુરવાર થાય છે.

**(૧૮)** હવે બીજા પક્ષકારે આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે. આ કામે બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ માં ૨૦ વર્ષથી કામદાર તરીકે નોકરી કરતા હતા અને તેઓને તા.૦૫/૦૬/૦૮ના રોજથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર ના કામદાર હોવાનું માનેલ છે ત્યારે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.ર ના કોન્ટ્રાકટમાં સળંગ નોકરી કરેલ છે કે કેમ? તે જોવાનું રહે છે. જે અંગે જોવામાં આવે તો, આ કામે પ્રથમ પક્ષકાર નં.ર જે.પી.પટેલ કોન્ટ્રાકટરે હાજર રહીને કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, પરંતુ મદદનીશ શ્રમ આયુકત મહેસાણા સમક્ષની કન્સીલેશનની કાર્યવાહી દરમ્યાન પ્રથમ પક્ષકાર નં.રનાઓએ હાજર થઈ લાયસન્સ અને તેની સાથે તા.ર૯/૫/૦૬ ના રોજનું પરીશીષ્ટ–૫ રજુ કરેલ છે જે પરીશીષ્ટ–૫ માં બીજા પક્ષકાર ઠાકોર અમરતજી ઉદેસીંગને નોકરીમાં રાખ્યા અંગેની તા.૦૧/૦૫/૦૬ દર્શાવેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકારે તા.૦૧/૦૫/૦૬ થી છુટા કર્યા તા.૦૫/૦૬/૦૮ સુધી સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. જેથી બીજા પક્ષકારે આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ સળંગ નોકરી કરેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૯)** હવે બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ? તે અંગે જોવામાં આવે તો આ કામે બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર નં.૧ના સેક્રેટરીશ્રી વિષ્ણુભાઈ પટેલે તેઓને તથા અન્ય પાંચ કામદારોને તા.૦૫/૦૬/૦૮ ના રોજથી કોઈપણ પ્રકારના યોગ્ય અને વ્યાજબી કારણ સિવાય તેમજ કાયદાની યોગ્ય પ્રક્રીયા કર્યા સિવાય છુટા કરેલ હોવાનું તેમજ તેઓને નોકરીમાંથી છુટા કરતા અગાઉ પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ– ૨૫(એફ) મુજબ કોઈ નોટીસ કે નોટીસ પગાર તેમજ નોકરીના વર્ષો મુજબ મળવાપાત્ર કાયદેસર વળતરની કોઈ રકમ ચુકવેલ નહી હોવાનું જણાવેલ છે. ઉપરોકત હકીકતને બીજા પક્ષકારે તેઓના આંક–૧૩ ના સરતપાસના સોગંદનામામાં સમર્થન આપેલ છે. પરંતુ આ કામે જયારે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર જે.પી.પટેલ કોન્ટ્રાકટરના કામદાર હોવાનું પુરવાર થયેલ છે ત્યારે પ્રથમ પક્ષકાર નં.ર નાઓએ બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ તે જોવાનું રહે છે. જે અંગે જોવામાં આવે તો કન્સીલેશનની

કાર્યવાહી દરમ્યાન પ્રથમ પક્ષકાર નં.૨ નાઓએ જણાવેલ છે કે કામદાર પોતાની સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા નથી અને તેઓએ બીજા પક્ષકારને બંધ કરેલ નથી અને તેઓના ચાલતા કોન્ટ્રાકટમાં કામે આવવાની ઈચ્છા કે ઈરાદો રાખતા હોય તો તેઓ તેમના કોન્ટ્રાકટમાં સમાવેશ કરી ફરજ ઉપર રાખવા તૈયાર છે. પરંતુ આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ નાઓએ હાજર થઈ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તેઓએ બીજા પક્ષકારને છુટા કરેલ નથી અને બીજા પક્ષકાર સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થયેલ છે તેવું પુરવાર કરેલ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષનો AIR 1979 (S.C.) 582, G. T. Lad Vs. Chemical and Fibers of India Ltd. નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નોકરીના ત્યાગનો ખરો અર્થ શું થાય છે તેની ચર્ચા કરવામાં આવેલ છે અને તેનો કાયદાકીય અર્થ ધ્યાને લઈને એવું ઠરાવેલ છે કે,નોકરીના ત્યાગ સંદર્ભે કામદારનો ઈરાદો પોતાની ફરજો ઉપર કાયમી ધોરણે પરત ફરવાનો ન હોય તે સાબિત થવું જરૂરી છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષનો 1964 AIR (S.C.) 1272, Buckingham and Car natic Co.Ltd. Vs. Venkatiah. નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, સામાન્ય સંજોગોમાં કામદારે જયારે લાંબો સમય નોકરી કરેલ હોય ત્યારે તેને નોકરીનો ત્યાગ કરેલ છે અથવા જતી કરેલ છે તેવું અનુમાન કરી શકાય નહીં સિવાય કે તેવા સંજોગો હોય જેના ઉપરથી કાયદેસર રીતે એવુ અનુમાન થઈ શકે કે તેણે નોકરીનો ત્યાગ કરેલ છે. તેમજ નામદાર બોમ્બે હાઈકોર્ટ સમક્ષનો 1994 (3) LLJ 689, Gaurishankar Vishvakarma Vs. Eagle Spring Industries Pvt Ltd. નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, કામદારે નોકરીનો ત્યાગ કરે હોય તેવા કીસ્સામાં માલીકે  કામદારને નોકરી પર હાજર થવા માટે નોટીસ આપવી જોઈએ અને તે સંદર્ભે છુટા કરતા પહેલા ઈન્કવાયરી પણ કરવી જોઈએ. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષનો 2004 (3) CLR 557, Nicks (India) Tools Vs. Ram Surat નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે મેનેજમેન્ટ ધ્વારા કામદારે સ્વેચ્છાએ નોકરીનો ત્યાગ કરેલ હોવાનુ કથન કરેલ હોય ત્યારે તે પુરવાર કરવાની જવાબદારી મેનેજમેન્ટ ઉપર રહેલી છે. હાલના કેસમાં બીજા પક્ષકારે તા.૦૧/૦૫/૦૬ ના રોજથી લગભગ બે વર્ષ ઉપરાંત ફરજ  બજાવેલ છે ત્યારે કોઈપણ વ્યકિત એકાએક નોકરીનો કોઈપણ કારણ વગર ત્યાગ કરે તે માની શકાય તેમ નથી. વધુમાં બીજા પક્ષકારનો ઈરાદો નોકરીનો ત્યાગ કરવાનો હતો તેવું પણ રેકર્ડ ઉપર પુરવાર થતું નથી. તેમજ પ્રથમ પક્ષકાર નં.૨ નાઓએ પણ બીજા પક્ષકારને તે બાબતે કોઈ પત્ર લખીને ફરજ ઉપર હાજર થવા જણાવેલ હોય તેવું કોઈ પક્ષ નિવેદન કે મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજુ

કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારે નોકરીનો સ્વેચ્છાએ ત્યાગ કરેલ હોવાનું માની શકાય નહી. જેથી બીજા પક્ષકારને તા.૦૫/૦૬/૦૮ના રોજથી મૌખિક રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે અને પ્રથમ પક્ષકાર નં.ર નું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય છટણીની વ્યાપમાં પડે છે અને જયારે કોઈ કામદારે કલમ–૨૫(બી) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોય ત્યારે તેને છટણી કરતા પહેલા આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ)ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કરવુ ફરજીયાત છે જે હાલના કેસમાં કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો પ્રથમ પક્ષકાર નં.ર તરફે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નં.ર નું કૃત્ય ગેરકાયદેસર હોવાનું પુરવાર થતું હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે.

**(૨૦)** હવે બીજા પક્ષકારને શું દાદ મળવાપાત્ર છે તેની ચર્ચા કરવાની થાય છે. આ કામના મુળ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર એટલે કે જે.પી.પટેલ કોન્ટ્રાકટરના કામદાર હતા. તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર નં.૧ મુખ્ય માલીકની હાલના કેસમાં કોઈ જ જવાબદારી ઉત્પન્ન થતી નથી, જેથી પ્રથમ પક્ષકાર નં.૧ સામે કોઈપણ હુકમ કરવાનો રહેતો નથી. આ તબકકે **નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ** સમક્ષનો **એકઝીકયુટીવ એન્જીનીયર દક્ષિણ હરીયાણા બીજલી વિતરણ નિગમ લી. વિરુઘ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર, ૨૦૧૬–એલએલઆર–૨૫** નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે કોન્ટ્રાકટરના કામદારો પુન:સ્થાપિત અથવા પડેલ દિવસના પગારની દાદ કોન્ટ્રાકટર પાસેથી મેળવવા હકકદાર બને છે અને તેઓ મુખ્ય માલીક પાસેથી તેવી દાદ મેળવવા હકકદાર બનતા નથી. આમ હાલના કેસમાં અરજદારને જે કાંઈ દાદ મળવાપાત્ર છે તે પ્રથમ પક્ષકાર નં.ર કોન્ટ્રાકટર પાસેથી મળવાપાત્ર રહે છે. જે અંગે જોવામાં આવે તો જયારે કોઈ શ્રમયોગીને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોય ત્યારે તેવા શ્રમયોગી તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિ થવા હકકદાર થાય, સિવાય કે તેમ ન કરવા કોઈ વ્યાજબી કારણ હોય. આ કામે બીજા પક્ષકારે તા.૨૫/૦૮/૨૦૦૮ ના રોજની મદદનીશ શ્રમ આયુકતશ્રી, મહેસાણા સમક્ષની ફરીયાદમાં તેઓની ઉંમર ૫૨ વર્ષ હોવાનું તેમજ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન તેઓની ઉંમર ૬૩ વર્ષની હોવાનું તા.૧૧/૨/૨૦૨૦ ના રોજ જણાવેલ છે. આમ બીજા પક્ષકારની ઉંમર ૬૫ વર્ષ ની થયેલ છે. તે સંજોગોમા બીજા પક્ષકાર નિવૃતિ વયમર્યાદા વટાવી ચુકેલ હોવાનું સ્પષ્ટપણે માની શકાય તેમ છે. જેથી બીજા પક્ષકારને પુન:સ્થાપિત કરવાનો હુકમ થઈ શકે તેમ નથી. પરંતુ બીજા પક્ષકારને છુટા કર્યા

તારીખથી નિવૃતિ વય પહોચ્યાં ત્યાં સુધીના પાછલા પગાર અંગેની વિચારણા કરવાની રહે છે. જે અંગે જોવામાં આવે તો બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં તેઓને છુટા કર્યા બાદ તેઓએ અન્ય ઘણી જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કર્યા હોવાનું અને હાલમાં પ્રયત્નો ચાલુ હોવાનું જણાવેલ છે પરંતુ વર્તમાન અસહ્ય બેકારીમાં તેઓને કયાંય નોકરી કે કામ મળેલ નહીં હોવાનું જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારે ઉપરોકત હકીકતને તેઓના પુરાવાના સોગંદનામામાં સમર્થન આપેલ છે. આ કામે બીજા પક્ષકારની પ્રથમ પક્ષકાર નં.૧ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, ૨૦૦૮ પછી મહીને રૂા.૨૬૦૦/– કમાવવા માટે તેઓ કયાય જતા ન હતા. આમ બીજા પક્ષકારે તેઓએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેમજ આટલી કાળઝાળ મોંઘવારીના સમયમાં કોઈપણ વ્યકિત આટલો લાંબો સમય બેકાર બેસી રહેલ હોય તેવું માની શકાય નહી. તે સંજોગોમાં બીજા પક્ષકાર સંપુર્ણ બેકાર હોવાનું માની શકાય તેમ નથી. જેથી બીજા પક્ષકાર અંશત: બેકાર હોવાનું પુરવાર થાય છે. તેમજ આ કામે પ્રથમ પક્ષકાર નં.ર તરફે બીજા પક્ષકારની ઉલટતપાસ કરી બીજા પક્ષકાર ગેઈનફુલ એમ્પ્લોઈ હોવા અંગેની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે તે અંગેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમાં કેસનું રેકર્ડ જોતાં હાલનો રેફરન્સ અત્રેની કોર્ટમાં ન્યાય નિર્ણય અર્થે મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા ધ્વારા સુપ્રત થતા તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને ત્યારબાદ બીજા પક્ષકાર તરફે તા.૧૨/૦૭/૨૦૧૧ ના રોજ આશરે રેફરન્સ દાખલ થયાના ૨(બે) વર્ષ અને ૭(સાત) માસ બાદ માંગણાનું નિવેદન રજુ કરેલ હોવાનું જણાય છે. ત્યારબાદ તા.૨૫/૦૯/૨૦૧૮ ના રોજ બીજા પક્ષકાર તરફે પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. આમ આ કામે જે વિલંબ થયેલ છે તે બીજા પક્ષકારને કારણે થયેલ હોવાનું રેકર્ડ જોતાં જણાય છે. તે સંજોગોમાં મુળ બીજા પક્ષકાર પડેલા દિવસોનો પુરો પગાર મેળવવા હકકદાર બનતા નથી. પરંતુ પડેલા દિવસોના પગાર પેટે તથા અન્ય મળવાપાત્ર હકક–હિસ્સા પેટે ઉચ્ચક વળતર ચુકવવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા ધ્યાને લેતાં આ કામના બીજા પક્ષકાર સાફસફાઈ કરવાની, ચોકી કરવાની તેમજ પરબ ઉપરની કામગીરી કરતા હતા અને તેઓનો માસિક પગાર રૂા.૨૬૦૦/– હતો અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર જે.પી.પટેલ કોન્ટ્રાકટરના કોન્ટ્રાકટમાં તા.૦૧/૦૫/૨૦૦૬ થી તા.૦૫/૦૬/૨૦૦૮ સુધી સળંગ નોકરી કરેલ છે અને

હાલના રેફરન્સનો ન્યાય નિર્ણયમાં આશરે ૧૩ વર્ષ અને ૧૦ માસ જેટલો સમય વ્યતિત થયેલ છે અને જે વિલંબ થયેલ છે તે રેકર્ડ જોતાં બીજા પક્ષકારની કસુરને કારણે થયેલ છે. તે સંજોગોમાં બીજા પક્ષકારને ઉચ્ચક વળતર પેટે પ્રથમ પક્ષકાર નં.૨ જે.પી.પટેલ કોન્ટ્રાકટર પાસેથી રૂા.૭૦,૦૦૦/-(અંકે રૂપિયા સીત્તેર હજાર પુરા) અપાવવાનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. જેથી મુદ્દા નં.૨ નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

**(૧)** આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ(એલ.સી.એમ.) નં.૯૯૭/૨૦૦૮ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ જે.પી.પટેલ કોન્ટ્રાકરટનું બીજા પક્ષકારને તા.૦૫/૦૬/૨૦૦૮ના રોજથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**(૩)** આ કામના બીજા પક્ષકાર નિવૃતિ વયમર્યાદા વટાવી ચુકેલ હોઈ પુન:સ્થાપિત થવા હકકદાર બનતા નથી.

**(૪)** આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ જે.પી.પટેલ કોન્ટ્રાકટરે છુટા કર્યા તારીખથી નિવૃત્તિ વયમર્યાદા સુધીના પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર રૂા.૭૦,૦૦૦/-(અંકે રૂપિયા સીત્તેર હજાર પુરા) બીજા પક્ષકારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ પાસેથી બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હકકદાર બનતા નથી.

**(૬)** હાલના રેફરન્સ ખર્ચના રૂા.૩૫૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા) પ્રથમ પક્ષકાર નં.૨ જે.પી.પટેલ કોન્ટ્રાકટરે મુળ બીજા પક્ષકારને અલગથી ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

**(૭)** સદર હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં કરવાનો રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

તા.૨૯/૦૯/૨૦૨૨
મહેસાણા.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
કોડ નં. GJ01285
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.